# PG DISSERTATION (SANSKRIT)

**શિર્ષક: "દિવ્યતાનું બીજ: મહાભારતમાં ગર્ભાધાનની માન્યતાઓનું અન્વેષણ"**

**સંશોધક: લલિતકુમાર અંબાલાલ મકવાણા**
**માર્ગદર્શક: ડૉ. ભૈરવી દીક્ષિત**
**વિભાગ: PG અને P.G. ડિપ્લોમા અભ્યાસક્રમ (શિક્ષણ કેન્દ્ર),**
**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર**
**વર્ષ: 2023–2024**

**સારાંશ**

**"દિવ્યતાનું બીજ: મહાભારતમાં ગર્ભાધાનની માન્યતાઓનું અન્વેષણ"** વિષયક આ સંશોધન PG Dissertation માં ભારતીય મહાકાવ્ય *મહાભારત* માં સમાવિષ્ટ ગર્ભાધાન સંબંધિત કથાઓ અને તેમના આંતરિક તત્ત્વોનું તત્ત્વચિંતનાત્મક અધ્યયન કરવામાં આવ્યું છે. 'ગર્ભાધાન' એ માત્ર શારીરિક પ્રક્રીયા નહીં, પરંતુ સંસ્કાર, સંકલ્પ, ધાર્મિક વિધિ અને દિવ્યતાના સંયોગથી માન્ય માનવામાં આવેલી અધ્યાત્મિક દૃષ્ટિ છે. આ દૃષ્ટિકોણ આજે 'ગર્ભસંસ્કાર' તરીકે ઓળખાતા આધુનિક પ્રયત્નો અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ સાથે તુલ્ય જોવા મળે છે.

આ અભ્યાસમાં મહાભારતના વિવિધ પાત્રો – જેમ કે ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, વિદુર, પાંડુ, કર્ણ, તથા વ્યાસ જેવા અગત્યના પાત્રોના જન્મ પ્રસંગોનું વિશ્લેષણ કરીને દર્શાવવામાં આવ્યું છે કે ગર્ભાધાનના અનેક પ્રકારની વિધિઓ, જેમ કે મંત્રશક્તિ દ્વારા આમંત્રિત ગર્ભ, દેવેચ્છાથી થયેલું ગર્ભાધાન, વિના શારીરિક સબંધે જન્મ, વગેરે પ્રમાણમાં દર્શાવવામાં આવ્યા છે. આ પ્રસંગો આધુનિક Assisted Reproductive Technologies (ARTs) જેવી કે IVF, સરોગસી, અને સ્પર્મ ડોનેશન જેવી પદ્ધતિઓ સાથે તુલના કરવા જેવી રીતે અનુરૂપ છે.

સંશોધન દરમિયાન વિદ્વાનોએ આ કથાઓને "કપોળ કલ્પિત" માની અવગણવા ના બદલે તેને તત્વદૃષ્ટિથી જોવાના પ્રેરણાદાયક પ્રયાસો કર્યાં છે. પ્રાચીન શાસ્ત્રોમાં પાવન માનવામાં આવેલા ગર્ભાધાન સંસ્કાર અને આધુનિક વૈજ્ઞાનિક શોધો વચ્ચે અદભૂત સામ્યતા જોવા મળે છે, જે દર્શાવે છે કે ભારતીય ઋષિદ્રષ્ટિએ જીવન અને જન્મના ક્ષેત્રમાં ઊંડા ચિંતન અને અનુભવ મેળવ્યા હતા.

આ ડીસર્ટેશનનો મુખ્ય ઉદ્દેશ એ દર્શાવવાનો છે કે મહાભારત જેવા ઐતિહાસિક ગ્રંથોમાં સમાવિષ્ટ દિવ્ય ગર્ભાધાનની કથાઓ માત્ર કથાવસ્તુરૂપ રસપ્રદ પ્રસંગો નહીં, પરંતુ આધ્યાત્મિક તત્ત્વચિંતન અને જીવનમૂલ્યોની સમૃદ્ધ સમજણ ધરાવતી હોવા ઉપરાંત  આજના આધુનિક યુગમાં પણ યોગ્યતા, પ્રાસંગિકતા અને ઉપયોગિતાથી સંપન્ન છે.

આ રીતે, આ અભ્યાસ મહાભારતના ગર્ભાધાન પ્રસંગોને આધાર બનાવી સંસ્કૃત સાહિત્યનું  આધ્યાત્મિક ઊંડાણ અને આધુનિક વિજ્ઞાનની તર્કસંગતતા વચ્ચે જીવંત અને તત્ત્વમય સંવાદ રચે છે, જે ભાવિ પેઢી માટે સંસ્કૃતિ અને વિજ્ઞાન વચ્ચે સંતુલન સાધનારી દૃષ્ટિ વિકસાવવામાં સહાયક બની શકે છે.